# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાથે નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) મે-૨૦૨૧ ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૨૦/૦૨/૨૦૨૧ હતી જે તા.૦૨/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે. તા.૨૧/૦૨/૨૦૨૧ થી તા.૦૨/૦૩/૨૦૨૧ સુધી ઓનલાઇન આવેદનપત્રો ભરી શકાશે, જે માટે અલગથી લેઇટ ફી લાગશે નહી(લેઇટ ફી શૂન્ય(૦) રહેશે).

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના આવેદનપત્રો ઓનલાઇન ભરવાની અંતિમ તા.૦૨/૦૩/૨૦૨૧ રહેશે(રાત્રીના ૧૨ કલાક સુધી). અંતિમ તા.૦૨/૦૩/૨૦૨૧ સુધી કોઇપણ સમયે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના કોઇપણ વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. જે માટે અલગથી કોઇ ફી આપવાની રહેશે નહી.

વિદ્યાર્થીનું Principal Approval બાકી હોય તો તે પણ તારીખ:૦૨/૦૩/૨૦૨૧(રાત્રીના ૧૨ કલાક) સુધી કરી શકાશે.

જો કોઇ શાળાએ Final Approval કરેલ હોય અને આવેદનપત્રો ભરવાના કે સુધારા કરવાના બાકી હોય તો Final Approval નું ટીકમાર્ક કાઢીને Submit કરવાથી આવેદનપત્ર ભરી શકાશે અને સુધારો કરી શકાશે.

બોર્ડની વેબસાઈટ પર ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ સાથે ફી ભરવા સંબંધિત સ્પષ્ટ સૂચનાઓ મૂકવામાં આવેલ છે જે ધ્યાને લેવી.

નોંધ:- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૦/૦૨/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર